૧૦

<u>અનુસૂચિત જાતિના સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના મકાન ભાડા ગ્રાન્ટ દરમાં વધારો કરવા બાબત</u>

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ છતલ/૧૦૨૦૨૧/૫૧૯૦૪૯/નબા-૦૬/ક

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૮/૦૪/૨૦૨૨

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૨/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: ગઅછ/૧૫૨૨૦૫/ન.બા-૨૫/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૮/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ/છતલ/૨૨૫૫-૫૬/૨૦૨૧

**<u>આમુખ :-</u>**

વંચાણે લીધા ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૭ના ઠરાવથી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિ અને વિચરતી-વિમુક્ત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના મકાન ભાડા પેટે વિદ્યાર્થીદીઠ પંચાયત વિસ્તાર માટે રૂ.૫૦/-, નગરપાલિકા વિસ્તાર માટે રૂ.૭૦/- તથા મહાનગરપાલિકા વિસ્તાર માટે રૂ.૯૦/- મુજબ મકાન ભાડા ગ્રાન્ટ ચૂકવવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા. ૧૮/૧૦/૨૦૨૧ના પત્રથી અનુસૂચિત જાતિ માટેના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના મકાન ભાડાના દરોમાં વિદ્યાર્થીદીઠ પંચાયત વિસ્તાર માટે રૂ.૧૦૦/-, નગરપાલિકા વિસ્તાર માટે રૂ.૧૪૦/- તથા મહાનગરપાલિકા વિસ્તાર માટે રૂ.૧૮૦/- કરવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના મકાન ભાડા ગ્રાન્ટના દરોમાં નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો વધારો કરવા બાબતની વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સામેલ રૂ.૮૮.૬૦ લાખની ચાલુ બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| વિસ્તાર | પ્રવર્તમાન દર | નવા દર |
|---|---|---|
| પંચાયત વિસ્તાર | રૂ.૫૦/- | રૂ.૧૦૦/- |
| નગરપાલિકા વિસ્તાર | રૂ.૭૦/- | રૂ.૧૪૦/- |
| મહાનગરપાલિકા વિસ્તાર | રૂ.૯૦/- | રૂ.૧૮૦/- |

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષોમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાને C.M.Dash Board સાથે Link કરવાની રહેશે.

(૯) સોશિયો ઈકોનોમિક ઈમ્પેક્ટ ઈવેલ્યુએશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૦) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂર થયેલી નવી બાબત/રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે

મંજૂર કરવામાં આવેલ હોઈ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૧૧) આગામી શૈક્ષણિક સત્રથી જ સદરહુ મકાન ભાડા ગ્રાન્ટના સુધારેલ દરોનો અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર: ૨૨૨૫, પેટા મુખ્ય સદર: ૦૧, ગૌણ સદર: ૨૭૭, પેટા સદર: ૧૨ SCW-૦૭ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Bhumika

(ડૉ. ભૂમિકા એચ. પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:-**

- માન. મંત્રીશ્રી (સા. ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,(નિયામકશ્રી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અ.જા), (નિયામકશ્રી (અ.જા), મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૨.